ગામડી-આણંદ ધર્મવિભાગનું માસિક મુખપત્ર

# ઝેવિયરવાણી

સંત ફ્રાન્સિસ ઝેવિયર તીર્થધામ, ગામડી-આણંદ

વર્ષ:૨૬ | અંક: ૧૩૭ | ઓક્ટોબર ૨૦૨૬



❀ **પ્રકાશક અને સલાહકાર:**

ફાધર જીતુ એસ.જે.
મો. ૯૪૨૭૪ ૮૦૧૮૮

❀ **તંત્રીમંડળ:**

જયેશભાઈ વિનુભાઈ મેકવાન
મો. ૯૯૨૪૯ ૫૯૯૪૯

ફાધર અમલરાજ એસ.જે.

ફાધર જયપ્રકાશ એસ.જે.

ડીકન એલામ પરમાર એસ.જે.

પીયૂષ એમ. પરમાર । રાજેશ પરમાર

શોભિન મેકવાન । હેમંતભાઈ એમ. મેકવાન

જોસેફ અંતોન । સંધ્યા પરમાર

અર્પણ મેકવાન । અનિલ પી. મેકવાન

ફ્લોરા મેકવાન । કીર્તિ જે. મેકવાન

પુષ્પા જે. પરમાર । જયંતીભાઈ એસ. પરમાર

**વિનંતી:**

(૧) 'ઝેવિયરવાણી' નિઃશુલ્ક ધર્મવિભાગના તમામ ધર્મજનોને પહોંચાડવામાં આવે છે, જેથી ખર્ચને પહોંચી વળવા ઉદાર હાથે દાન આપવા વિનંતી.

(૨) 'ઝેવિયરવાણી' માટે લેખ, કાવ્ય, તાબાના સમાચાર, જાહેરાત વિગેરે આપવા માટે ઉપર્યુક્ત કોઈપણ સભ્યનો સંપર્ક કરવો.

**નોંધ:** 'ઝેવિયરવાણી'માં પ્રકાશિત થતા લખાણ માટે જે તે લેખક પોતે જવાબદાર છે.

**જાહેરાતના દર:** બ્લેક એન્ડ વ્હાઈટ પેજ
❖ ૧/૪ પેજ: રૂા.૩૫૦/- ❖ ૧/૨ પેજ: રૂા. ૭૫૦/-
❖ ફૂલ પેજ: રૂા. ૧૫૦૦/-

**જાહેરાતના દર:** કલર પેજ
❖ ૧/૨ પેજ: રૂા. ૧૨૫૦/-
❖ ફૂલ પેજ: રૂા. ૨૫૦૦/- ❖ સૌજન્ય અંક: રૂા. ૬૦૦૦/-

## ઘેર ઘેર ગુલાબમાળા - ભક્તિની સુગંધથી મહેકતું જીવન...

✍ ફાધર અમલરાજ એસ. જે.

ઓક્ટોબર... વર્ષના બાર મહિનામાં આવતો એક એવો મહિનો, જે પ્રકૃતિની સાથે આપણા અંતરને પણ નવી અનુભૂતિ કરાવે છે. ચોમાસાની ભીનાશ ધીમે ધીમે વિદાય લે છે, આકાશ સ્વચ્છ બને છે અને શરદની શીતળ હવા મનને એક અજાણી પ્રસન્નતાથી ભરી દે છે. પ્રકૃતિ જાણે આપણને ધીમેથી કહેતી હોય, "જૂનું છોડો, મનને નિર્મળ બનાવો અને નવી આશા સાથે જીવનની શરૂઆત કરો."

આ જ ભાવનાને હૃદયમાં ધારણ કરીને આ ઓક્ટોબરને "ઘેર ઘેર ગુલાબમાળા" અને ભક્તિ, પ્રેમ, સંસ્કાર તથા સદ્‌ભાવનાનો માસ બનાવવાનો સંકલ્પ કરીએ. ગુલાબનું ફૂલ જોવામાં નાજુક છે, પરંતુ તેની સુગંધ ખૂબ દૂર સુધી પ્રસરે છે. તે આપણને એક સુંદર વાત શીખવે છે, જીવનની મહાનતા આપણા કદમાં નહીં, પરંતુ આપણે કેટલું સુગંધિત જીવન જીવીએ છીએ તેમાં છે. આપણા શબ્દોથી કોઈનું હૃદય ન દુભાય, આપણા વર્તનથી કોઈને આશા મળે, આપણા કાર્યથી કોઈના જીવનમાં પ્રકાશ આવે અને આપણા સ્મરણથી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા વધુ ગાઢ બને તો એ જ સાચી ગુલાબમાળા છે.



**ભક્તિ હૃદયની સૌથી સુંદર સુગંધ:** ભક્તિ માત્ર મંદિરમાં દીવો પ્રગટાવવાનું નામ નથી. ભક્તિ એટલે મનમાં ઈશ્વર પ્રત્યે વિશ્વાસ, હૃદયમાં પ્રેમ અને કર્મમાં પવિત્રતા. જ્યારે જીવનમાં મુશ્કેલીઓ આવે, ત્યારે "હું એકલો નથી" એવો વિશ્વાસ આપતું જે આંતરિક બળ છે, તેનું નામ ભક્તિ છે. જ્યારે આંખોમાં આંસુ હોય છતાં હોઠ પર પ્રાર્થના રહે, ત્યારે તે ભક્તિ છે. જ્યારે પોતાના દુઃખ કરતાં બીજાના દુઃખને સમજવાની ક્ષમતા આવે, ત્યારે તે ભક્તિ છે. ઈશ્વરને ફૂલ ચઢાવવું સુંદર છે, પરંતુ કોઈના જીવનમાં સુગંધ બનીને ખીલવું એ તેનાથી પણ સુંદર ભક્તિ છે.

**ઘર-ઘર બને ભક્તિનું મંદિર:** ઘર ઈંટો અને દીવાલોથી નથી બનતું; ઘર પ્રેમ, વિશ્વાસ અને સંસ્કારોથી બને છે. જ્યાં વડીલોના આશીર્વાદ હોય, બાળકોના હાસ્યમાં સંસ્કાર હોય, પરિવાર સાથે પ્રાર્થનાની થોડી ક્ષણો હોય અને એકબીજા માટે હૃદયમાં લાગણી હોય, ત્યાં જ સાચું ઘર વસે છે. ચાલો, આ ઓક્ટોબરમાં દરેક ઘરમાં ભક્તિનો એક નાનકડો દીપ પ્રગટાવીએ. રોજ થોડો સમય પરિવાર સાથે ભજન, પ્રાર્થના અને સારા વિચારોનું વાંચન કરીએ અને એકબીજાને

અનુસંધાન પાન નંબર ૦૬ ઉપર ...

# માતા મરિયમની જન્મજયંતી નિમિત્તે નવસંધ્યા ૨૦૨૬









માતા મરિયમની જન્મજયંતીની પૂર્વ તૈયારીરૂપે તા. ૩૦ ઓગસ્ટથી ૮ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન તાબામાં નવસંધ્યાનું ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. માતા મરિયમના જીવન અને ગુણોને કેન્દ્રમાં રાખીને રોજ કોઈ એક વિશિષ્ટ વિષય પર એક મિનિટનો પ્રેરણાદાયી વિડિયો રજૂ કરવામાં આવ્યો, જેના દ્વારા શ્રદ્ધાળુઓને આધ્યાત્મિક મનન માટે પ્રોત્સાહન મળ્યું.

નવસંધ્યાના પ્રથમ દિવસે "સર્વ માનવોની માતા" વિષય પર સિ. રૂપલ FC દ્વારા પ્રેરણાદાયી સંદેશ રજૂ કરવામાં આવ્યો. પવિત્ર યજ્ઞના મુખ્ય યાજક પૂજ્ય ફા. વોલ્ટર, વી.જી. હતા. ધ્વજારોહણ તેમના દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે આયોજનની જવાબદારી પી.પી.સી.એ સંભાળી હતી.

બીજા દિવસે "નિરાધારોની માતા" વિષય પર સિ. નિહારિકા FC દ્વારા આધ્યાત્મિક માર્ગદર્શન આપવામાં આવ્યું. પવિત્ર યજ્ઞના મુખ્ય યાજક પૂજ્ય ફાધર રોયસ્ટન એસ.જે.ના ઈસુસંઘમાં પચાસ વર્ષ પૂર્ણ થતાં તેમની સુવર્ણ જયંતીની ભવ્ય અને આનંદમય ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમનું આયોજન ધર્મશિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું.

ત્રીજા દિવસે "સરળ નમ્ર કુમારી" વિષય પર સિ. સવિતા FC દ્વારા દિવસનું ચિંતન રજૂ કરવામાં આવ્યું. પૂજ્ય ફા. એન્ટોની રાયપ્પન મુખ્ય યાજક હતા. આ દિવસનું આયોજન મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

ચોથા દિવસે "દયાની અખંડ ધારા" વિષયને કેન્દ્રમાં રાખી સિ. સુમિત્રા FC દ્વારા પ્રેરક મનન રજૂ કરવામાં આવ્યું. પવિત્ર યજ્ઞના મુખ્ય યાજક પૂજ્ય ફા. આરોક હતા. કાર્યક્રમનું આયોજન સંત વિન્સેન્ટ ડી પોલ મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

પાંચમાં દિવસે 'દિવ્ય કૃપાની વર્ષા' વિષય પર સિ. ફલોરા, LDFX દ્વારા દિવસનો આધ્યાત્મિક સંદેશ આપવામાં આવ્યો. પવિત્ર યજ્ઞ પૂજ્ય ફા. પ્રમોદ દ્વારા અર્પણ કરવામાં આવ્યો. આ દિવસની જવાબદારી સિનિયર સિટિઝન ફોરમે નિભાવી હતી.

છઠ્ઠા દિવસે 'પરમ આનંદની ધારા' વિષય પર સિ. મનિષા, LDFX દ્વારા ચિંતનાત્મક વિડિયો રજૂ કરવામાં આવ્યો. પવિત્ર યજ્ઞના મુખ્ય યાજક પૂજ્ય ફા. જેરોલ્ડ (રેક્ટર, નડિયાદ) હતા. કાર્યક્રમનું આયોજન વેદી સેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

**અનુસંધાન પાન નંબર ૦૭ ઉપર ...**

# આજના બાળકોઃ પડકાર નહીં, એક સુંદર તક

✍ સિસ્ટર મીના એલ.ડી.

'સાચું કહો તો સંતાનો છે પ્રભુજીએ દીધેલી ભેટ,
ખોળાનો ખૂંદનારો મળવો પ્રભુજીની છે મોટી મ્હેર'
(સ્તોત્ર ૧૨૭ઃ૩).

ઈશ્વરે આપેલી અનુપમ ભેટ એટલે બાળકો. બાળકો એટલે ઘરનાં આંગણમાં ખીલેલું એક નાનકડું સુંદર, કોમળ ફૂલ તેની આંખોમાં સપનાં હોય છે. અરમાનો હોય છે. હોઠ પર નિર્દોષ સ્મિત હોય છે અને હૃદયમાં આખી દુનિયાને જાણી લેવાની ઉત્સુકતા હોય છે. બાળક માત્ર પરિવારનું ભવિષ્ય નથી તે સમાજ અને રાષ્ટ્રના આવતીકાલનું પ્રતિબિંબ છે.

બાળકો સાથે સમય વિતાવીએ ત્યારે ઘણી વખત આપણને લાગે છે કે આજનાં બાળકો પહેલાંના બાળકો કરતાં ઘણાં બદલાઈ ગયાં છે. તેઓ વધુ પ્રશ્ન પૂછે છે. પોતાની પસંદગી, નાપસંદગી વ્યક્ત કરે છે. પ્રશ્નોની વણઝાર ચલાવે છે. દરેક પ્રશ્ન (વાત)નું કારણ પૂછે છે. આવું કેમ? તે જાણવા માગે છે.



ક્યારેક તો આપણે કંટાળી જઈએ છીએ અને કહીએ છીએ પણ ખરા કે, આજકાલના બાળકોને સાચવવા, મોટાં કરવાં ઘણું મુશ્કેલ છે પરંતુ સમય બદલાયો છે. ખરેખર તો આપણે બાળકોને સમજતા નથી. આપણી રીત બદલવાની જરૂર છે.

આજના બાળકો ટેકનોલોજીના યુગમાં જન્મ્યાં છે. મોબાઈલ, ઈન્ટરનેટ, કોમ્પ્યુટર અને વિવિધ ડિજિટલ સાધનો તેમની આસપાસ જ છે. એક ક્ષણમાં દુનિયાના કોઈપણ ખૂણાની માહિતી તેમની પાસે આવી જાય છે. જ્ઞાન મેળવવાની આટલી મોટી તક અગાઉની પેઢીને મળી ન હતી પરંતુ આજની પેઢીને તક સાથે એક પડકાર પણ જોડાયેલો છે. ટેકનોલોજી બાળક માટે જ્ઞાનનું દ્વાર બની શકે છે અને જો તેનો અયોગ્ય ઉપયોગ થાય તો ધ્યાનભંગનું કારણ પણ બની શકે છે. તેથી પ્રશ્ન મોબાઈલનો નથી. પ્રશ્ન છે, તેના યોગ્ય ઉપયોગનો, પ્રશ્ન ટેકનોલોજીનો નથી. પ્રશ્ન છે, ટેકનોલોજી સાથેના આપણાં સંબંધનો.

બાળકને માત્ર મોબાઈલ ન વાપરો એમ કહેવું, પૂરતું નથી તેને સમજાવવું પડશે કે, મોબાઈલનો ઉપયોગ જ્ઞાન માટે કેવી રીતે કરવો, સમયનું આયોજન કેવી રીતે કરવું અને વાસ્તવિક જીવનમાં સંબંધોને ડિજિટલ કરતાં વધુ મહત્ત્વ કેવી રીતે આપવું. બાળકોની બીજી મોટી જરૂરિયાત છે. સમય અને સંવાદની. આપણે ઘણી વખત બાળકો માટે મોંઘી વસ્તુ લાવીએ છીએ પણ બાળક માટે સમય નથી આપતા. સ્તોત્ર ૧૨૮ઃ૩ (તમારી ફરતે કુમળા છોડ સરખા બાળકો)

બાળક એટલે આવતીકાલની આશા, સપનાઓનું સુંદર ફળદાયી બીજ અને સમાજના ભવિષ્યનું પ્રતિબિંબ. આજનાં બાળકોને ઘણીવાર 'પડકાર' તરીકે જોઈએ છીએ. તેમની બદલાતી વિચારસરણી, ટેકનોલોજી પ્રત્યેનો લગાવ પ્રશ્નો પૂછવાની ટેવ અને પોતાની રીતે જીવવાની ઈચ્છા, આપણને ક્યારેક અઘરી લાગે છે. પરંતુ જો આપણો દૃષ્ટિકોણ બદલીએ તો સમજાશે કે આજનું બાળક પડકાર નથી પરંતુ તે એક સુંદર તક છે. બાળક ઈશ્વરના રાજ્યમાં મહાન છે, મોટો છે. માથ્થી ૧૮ઃ૪. તેમને સમજવાની, ઘડવાની અને તેમની સાથે આગળ વધવાની જવાબદારી કુટુંબની છે. બાળક માહિતીના વિશાળ વિશ્વમાં ઉછરી રહ્યું છે. તેના હાથમાં મોબાઈલ છે એટલે કે જાણે સામે વિશ્વ છે અને મનમાં અસંખ્ય પ્રશ્નો છે. તે માત્ર સાંભળવા માંગતું નથી. તે સમજવા, જાણવા અને પોતાનો મત વ્યક્ત કરવા માગે છે. આ પરિવર્તનને રોકવાને બદલે યોગ્ય દિશા આપવી એ માતાપિતા, શિક્ષકો અને સમાજની જવાબદારી છે. બાળકના દરેક પ્રશ્ન પાછળ તેની જિજ્ઞાસા છુપાયેલી હોય છે. તેની દરેક ભૂલ પાછળ શીખવાની તક હોય છે અને તેની દરેક નાની સફળતા પાછળ ભવિષ્યની મોટી સંભાવના હોય છે. તેથી બાળકને સતત ટોકવા કરતાં તેને સાંભળવું, સમજવાં અને વિશ્વાસ આપવો વધુ જરૂરી છે.

(માથ્થી ૧૦ઃ૧૪ - આવા નાનેરા જનોમાંનો એક પણ ખોવાઈ જાય તેવી પરમપિતાની ઈચ્છા નથી.)

આજના બાળકોમાં સર્જનાત્મકતા છે. નવી વસ્તુ શીખવાની તીવ્ર ઈચ્છા છે અને બદલાતી દુનિયા સાથે કદમ મિલાવવાની ક્ષમતા છે. તેમને માત્ર આદેશોની જરૂર નથી, તેમને માર્ગદર્શન, પ્રેમ, સમય અને પ્રોત્સાહનની જરૂર છે. 'તું કરી શકે છે' ત્યારે તેના મનમાં આત્મવિશ્વાસની એક નાની જ્યોત પ્રગટે છે. બાળકોને માત્ર ગુણ કે પરિણામથી માપવાં યોગ્ય નથી તેમના વ્યક્તિત્વમાં રહેલી દયા, સંવેદના, સર્જનાત્મકતા, જવાબદારી અને માનવતાને પણ એટલું જ મહત્ત્વ મળવું જોઈએ. કારણ કે સારા ગુણ મેળવેલો વિદ્યાર્થી સફળ બની શકે પરંતુ સારા સંસ્કાર ધરાવતો બાળક સારો માનવી બને છે.

આપણે બાળકોમાં પરિવર્તનની વાત કરતાં પહેલાં તેમની દુનિયાને સમજવાની કોશિશ કરીએ. તેમની સાથે થોડો સમય બેસીએ, તેમની વાત સાંભળીએ ત્યારે આપણને સમજાશે કે જેને આપણે પડકાર માનતા હતા, તેમાં તો ભવિષ્યને રંગબેરંગી સુંદર બનાવવાની અદ્‌ભુત શક્તિ છુપાયેલી છે. આજનું બાળક એક ખાલી પાનુ નથી કે જેના પર આપણે બધુ લખી દઈએ તે પોતાની કલ્પનાઓ, સપનાઓ અને સંભાવનાઓ સાથેનું એક જીવંત પુસ્તક છે. આપણું કાર્ય એ પુસ્તકને પોતાના વિચારો પ્રમાણે લખવાનું નહીં, પરંતુ તેને પોતાની સુંદર વાર્તા લખવા માટે યોગ્ય વાતાવરણ આપવાનું છે.

અંતે, એટલું જ કહી શકાય કે, બાળકોને પડકાર ન માનીએ, તેમને તક માનીએ, તેમને બદલવા નહીં, સમજવા પ્રયત્ન કરીએ, કારણ કે આજના બાળકના હાથમાં જ આવતીકાલની દુનિયાનું સર્જન છે. આથી, આજના બાળકો પડકાર નહીં, પરંતુ એક સુંદર તક છે. સારો સમાજ, સુંદર ભવિષ્ય, અને માનવતાથી ભરેલી નવી દુનિયા રચવાની તક.●

# સંત પુષ્પાવતીઃ ત્યાગ અને ઈસુમય પ્રેમનું સુવાસિત ગુલાબ

✍ સિ. ફલોરા એલ.ડી.

આપણી કેથોલિક ધર્મસભાએ રોજબરોજનાં જીવનમાં વિવિધ સંતો દ્વારા તેમજ તેમનાં જીવનચરિત્ર દ્વારા આપણને સૌને પ્રેરણા, પ્રાર્થના તેમજ પવિત્ર જીવન જીવવાની હાકલ અને માર્ગ ચીંધેલો છે. આ વિવિધ સંતો તેમના પવિત્ર અને પ્રાર્થનામય જીવન દ્વારા આપણને સૌને પણ ઈસુમય જીવન જીવવાનો સંદેશ આપતા ગયા છે.

આવા જ એક મહાન સંત કે જેમનું જીવન ચરિત્ર આપણને ખૂબ જ ઊંડાણથી સ્પર્શી જાય છે, જેમનો તહેવાર ઓક્ટોબર મહિનાની પહેલી તારીખે ઊજવવામાં આવે છે, એવા મિશનરીઓના રક્ષકસંત તેમજ ત્યાગ અને બલિદાનની મૂર્તિ સમા સંત પુષ્પાવતી, જેઓને 'સંત થેરેસા ઓફ ચાઈલ્ડ જીસસ' ના નામે પણ ઓળખવામાં આવે છે તથા તેમને પ્રેમથી 'ધ લિટલ ફ્લાવર' પણ કહેવામાં આવે છે. તેઓ કેથોલિક ધર્મસભાનાં સૌથી પ્રિય સંતોમાંના એક છે.

તેમનું જીવન બહારથી જોતાં ખૂબ જ સામાન્ય અને ટૂંકું હતું પરંતુ નાની બાબતોમાં ઈસુ પ્રત્યેનો પ્રેમ, નમ્રતા, વિશ્વાસ અને આત્મસમર્પણ એટલું ઊંડું હતું કે તેઓ સમગ્ર વિશ્વ માટે આધ્યાત્મિક પ્રેરણાનું કેન્દ્ર બની ગયાં. તેઓ માત્ર ૨૪ વર્ષ જીવ્યાં, છતાં તેમની નાની આધ્યાત્મિક રીત સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ બની. વડાધર્મગુરુ જહોન પૉલ દ્વિતીયે ૧૯૯૭માં તેમને 'Doctor of the Church' તરીકે જાહેર કર્યાં.

તેમનો જન્મ ૨ જાન્યુઆરી ૧૮૭૩નાં રોજ આલેન્કન, ફ્રાન્સમાં થયો હતો. તેમનું બાપ્તિસમા બે દિવસ પછી થયું અને તેમને થેરેસા નામ આપવામાં આવ્યું. તેમના પિતા લુઈસ માર્ટિન અને માતા ઝુલિયા ગ્વેરિન માર્ટિન ખૂબ જ ધાર્મિક અને ઈશ્વરપ્રેમી હતાં. તેમનું કુટુંબ આધ્યાત્મિક વાતાવરણથી ભરેલું હતું. માતાપિતાના જીવનમાં પ્રાર્થના, પરિશ્રમ, પરિવાર પ્રેમ, અને ગરીબો પ્રત્યેની દયા મહત્ત્વપૂર્ણ હતાં. તેમના માતાપિતાને પાછળથી ચર્ચ દ્વારા ધન્ય જાહેર કરવામાં આવ્યાં. સંત પુષ્પાવતી નવ સંતાનોમાં સૌથી નાનાં હતાં. તેમના ચાર ભાઈબહેનો નાની ઉંમરે મૃત્યુ પામ્યાં, જ્યારે પાંચ બહેનોએ સાધ્વી જીવનનો માર્ગ પસંદ કર્યો.

નાનપણથી જ સંત પુષ્પાવતીના હૃદયમાં ઈશ્વર પ્રત્યે વિશેષ પ્રેમ હતો. તેમનું બાળપણ ખૂબ જ સંવેદનશીલ હતું. બાળપણમાં જ તેઓએ માતાની છત્રછાયા ગુમાવી હતી. પરિવારનાં સભ્યોની બીમારી મૃત્યુ અને અન્ય મુશ્કેલીઓએ તેમને જીવનની નાજુકતા સમજાવી. તેઓ ધીમે ધીમે સમજવા લાગ્યાં કે સાચું સુખ દુન્યવી વસ્તુઓમાં નહીં પરંતુ ઈશ્વરનાં પ્રેમમાં છે.

સંત થેરેસા એટલે કે પુષ્પાવતીની મોટી બહેનો પૌલીન અને મેરી પહેલેથી જ કાર્મેલ સંઘમાં પ્રવેશી ચૂક્યાં હતાં. સંત પુષ્પાવતીના જીવનમાં પણ ધાર્મિક જીવન સ્વીકારવાની ઈચ્છા જન્મી પરંતુ તેમની ઉંમર માત્ર ૧૪-૧૫ વર્ષની હતી. તેથી તેમને તરત જ કાર્મેલમાં પ્રવેશવાની મંજૂરી મળી નહીં. તેમ છતાં તેમણે પોતાનો સંકલ્પ છોડ્યો નહીં.

આખરે વડાધર્મગુરુ લિયો ૧૩માની પરવાનગીથી અંતે માત્ર ૧૫ વર્ષની ઉંમરે ૯ એપ્રિલ ૧૮૮૮નાં રોજ તેમણે કાર્મેલમાં પ્રવેશ કર્યો. તેમનું જીવન હવે સંપૂર્ણપણે પ્રાર્થના, મૌન, આજ્ઞાપાલન, સંઘજીવન અને ઈશ્વરપ્રેમને સમર્પિત થયું. સાધ્વી જીવનનાં વસ્ત્ર પરિધાનનાં થોડાં જ વર્ષો બાદ તેમના પિતાજી પણ ગંભીર માંદગીમાં સપડાયા તેમજ ૨૯ જુલાઈ ૧૮૯૪નાં રોજ તેમનું પણ અવસાન થયું.

ત્યાગ, બલિદાન, આત્મસંયમ અને ઈસુ પ્રત્યેના અનહદ પ્રેમમાં જ તેમણે પોતાનું સાધ્વીજીવન હોમી દીધું. કાર્મેલ સંઘની ચાર દીવાલોની વચ્ચે સાદગી અને તપમય જીવન જીવીને તેમણે નાનાંનાનાં સેવાકાર્યો અને તપકૃત્યો આત્માઓનાં બચાવ અર્થે તેમજ પુરોહિતો માટે પ્રાર્થના સ્વરૂપે અર્પણ કર્યાં.

માત્ર ૨૪ વર્ષની ખૂબ જ નાની ઉંમરમાં તેઓ ક્ષયની ગંભીર બીમારીમાં સપડાયા. ધીમેધીમે તેમના શરીરની શક્તિ ઘટતી ગઈ પરંતુ તેમણે દુઃખ, બીમારી અને આંતરિક અંધકાર વચ્ચે પણ ઈશ્વર પરનો વિશ્વાસ જાળવી રાખવાના પ્રયત્ન કર્યો. અંતે ૩૦ સપ્ટેમ્બર ૧૮૯૭નાં રોજ સંત પુષ્પાવતીનું અવસાન થયું. તેમનું પૃથ્વી પરનું જીવન માત્ર ૨૪ વર્ષનું હતું પરંતુ તેમનો આધ્યાત્મિક પ્રભાવ સમગ્ર વિશ્વમાં અને લોકહૃદયમાં ફેલાયો. તેમનાં તપ, ત્યાગ, સાદગી, પવિત્રતા અને ઈસુમય જીવને લોકોનાં હૃદયમાં ઊંડી છાપ છોડી અને તેઓ લોકોની પ્રેરણા બનતા ગયાં.

સંત પુષ્પાવતી પાસેથી મળતા મુખ્ય બોધપાઠ અને સંદેશઃ

૧. નાની બાબતો ખૂબ જ પ્રેમથી કરવી.
૨. ઈશ્વરની દયા પર વિશ્વાસ રાખવો.
૩. પ્રાર્થનાની શક્તિ સમજવી.
૪. મુશ્કેલીમાં વિશ્વાસ જાળવવો.
૫. નમ્રતા રાખવી.
૬. અન્યોને પ્રેમ કરવો. ક્ષમા આપવી.
૭. પોતાની ફરજ પ્રામાણિકતાથી બજાવવી.
૮. ઈશ્વરને સંપૂર્ણ સમર્પિત જીવન જીવવું.

સંત થેરેસા એટલે કે પુષ્પાવતીનું જીવન આપણને એક ખૂબ જ સુંદર સત્ય શીખવે છેઃ

> 'પવિત્ર બનવા માટે અસાધારણ જીવન જીવવું જરૂરી નથી.
> સામાન્ય જીવનને અસાધારણ પ્રેમથી જીવવું જરૂરી છે.'

હે સંત પુષ્પાવતી અમારે માટે વિનંતી કરો.●

## ઝેવિયરવાણીને મળેલ દાન

**પ્રભુ સર્વને આશીર્વાદિત કરે તેવી પ્રાર્થના**

| | |
|---|---|
| ૧૦૦/- | જોસેફ ગેબ્રિયલ મેકવાન, નવા ઘરના આશીર્વાદ પ્રસંગે, ગામઃ મોગરી. |
| ૧૦૦/- | સ્વ. પાઉલભાઈ સવાભાઈ પરમારના સ્મરણાર્થે, ખ્રિસ્તી મહોલ્લો, ગામઃ અડાસ. |
| ૧૦૦/- | કમલેશભાઈના સ્મરણાર્થે, પ્રેસકોલોની. |
| ૨૦૦/- | સ્વ. માર્થાબેન સિમોનભાઈ પરમારના સ્મરણાર્થે, ગામઃ લાંભવેલ. |
| ૧૦૦/- | અનામી દાતા. અલ્પેશ સોસાયટી નં.-૩. |
| ૧૦૦/- | સ્વ. સિમોનભાઈ હીરાલાલ ચૌહાણના સ્મરણાર્થે, રસિક કોલોની. |

**નોંધઃ દાનના કવર ઉપર દાતાનું નામ, રહેઠાણ અને હેતુ લખવો.**

# નાનકડું ફૂલ-The Little Flower

✍ રાજેશ પી.પરમાર

બાળઈસુના સંત ટેરેસા જેમને આપણે 'સંત પુષ્પાવતી' તરીકે ઓળખીએ છીએ તેમનો જન્મ બીજી જાન્યુઆરી ૧૮૭૩માં એલેન્સોન, ફ્રાન્સમાં થયો હતો. કુલ નવ ભાઈ-બહેનોમાં ટેરેસા સૌથી નાના હતા. બાળપણથી જ તેમણે મનમાં દઢ નિશ્ચિય કર્યો હતો કે પોતાનું જીવન પ્રભુને સમર્પિત કરશે. આથી તેમણે પોતાની બંને મોટી બહેનોનું માર્ગદર્શન લીધું અને માત્ર ૧૫ વર્ષની ઉંમરે ફ્રાન્સના કાર્મેલાઈટ મંડળમાં પ્રવેશ મેળવ્યો.

કાર્મેલાઈટ મઠમાં રહીને તેમણે નમ્રતા અને પ્રેમથી ભરેલા નાના કાર્યો કર્યા જેને 'Little way' - 'નાનો માર્ગ' કહેવામાં આવે છે. મંડળમાં તેમનું જીવન સાહજિક નહોતું. તેમને ઘણી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું. તેમની મોટી મુશ્કેલી હતી, ટીબી(ક્ષય)ની બીમારી. ટીબીની બીમારીથી તે આજીવન પીડાતાં રહ્યાં. ૩૦ સપ્ટેમ્બર ૧૮૯૭માં માત્ર ૨૪ વર્ષની નાની ઉંમરે તેમનું મૃત્યુ થયું.

આજે તેમનું જીવન આપણા માટે તેમજ નવયુવક-યુવતીઓ માટે ખૂબ જ પ્રેરણા રૂપ છે. તેમણે પોતાના જીવનમાંથી હંમેશાં આપણને સંદેશો આપ્યો કે, આપણા જીવનનું નાનામાં નાનું કાર્ય પણ આપણે પૂરા વિશ્વાસથી, પૂરી ધગશ સાથે અને મહેનતથી કરવું જોઈએ' તેમના આ નાના નાના કાર્યોને કારણે તે સમગ્ર જીવન દરમિયાન માનવ જાત માટે પ્રાર્થના કરતાં રહ્યાં અને તેમની પ્રાર્થના દ્વારા કેટલાય લોકો પોતાના ખોટા માર્ગો અને કુટેવો છોડી સાચા માર્ગ તરફ પાછા વાળ્યા આથી તેમને મિશન કાર્યના રક્ષક સંત તરીકે જાહેર કરવામાં આવ્યા. આ એટલા માટે કે તેમણે પોતાનું સમગ્ર જીવન મંડળમાં રહીને નાનાં નાનાં કાર્યો અને પ્રાર્થના દ્વારા માનવીઓના ઉધ્ધાર માટે સમર્પિત કરી દીધું. કલકત્તાના સંત મધર ટેરેસાએ પણ આ સંતમાંથી પ્રેરણા લઈ પોતાનું નામ ટેરેસા રાખ્યું.

તેમના જીવનના માત્ર બે જ ઉદ્દેશ્ય હતાઃ એક ઈશ્વર પ્રત્યે પ્રેમ અને માનવજાત માટે કંઈક કરવાની ઈચ્છા. ઈશ્વરીય પ્રેમની એ પરાકાષ્ઠા રહી કે તેમણે રોજબરોજના પોતાના અનુભવોને, પોતાની ચોવીસ વર્ષની જીવનયાત્રાને પોતાની - આત્મકથા 'The story of the soul'માં કંડારી, તેઓ લખે છે કે, **'એ સાચું છે કે સંસારમાં જે કાંઈ કાર્ય થાય છે તે ઈશ્વર જ કરે છે, પરંતુ ઈશ્વરનું આ પૃથ્વી પર કોઈ શરીર નથી, એટલે તમારું શરીર ઈશ્વરનું શરીર બનવું જોઈએ. તમારી આંખોથી ઈશ્વર આ સંસારને દયા અને કરુણાથી જુએ છે, તમારા પગથી જ ઈશ્વર આ સંસારમાં કાર્ય કરવા આગળ વધે છે અને તમારા હાથોથી ઈશ્વર આ સંસારને આશીર્વાદ આપે છે.'** આમ તેમની આત્મકથામાં તેમણે વિશેષ રીતે ઈશ્વરીય કૃપા વિશે લખ્યું છે. તેમનું પ્રસિદ્ધ વચન છેઃ 'હું સ્વર્ગમાંથી ગુલાબોની વર્ષા કરીશ.' આ વાક્ય તેમની આધ્યાત્મિકતા, પ્રેમ અને વિશ્વાસનું પ્રતિક છે.

આ મહાન સંતના જીવનમાંથી પ્રેરણા લઈ, આપણા જીવનને જીવવા યોગ્ય બનાવીએ અને તે માટે પ્રયત્નો કરીએ.૧૭ મે ૧૯૨૫ માં પોપ પિયુષ અગિયારમાએ તેમને સંત જાહેર કર્યા.૧૯૯૭માં તેમને 'Doctor of the Church'નું સન્માન આપવામાં આવ્યું. લિસિયક્સની સંત થેરેસાને 'નાનું ફૂલ' (Little Flower) કહેવામાં આવે છે. કારણ કે, તેઓ પોતાને ઈશ્વરના બગીચામાં એક નાના, નમ્ર જંગલી ફૂલ તરીકે જોતાં હતાં.●

# તાબાના સમાચાર

## બહુમાન

કેથોલિક સમાજ આણંદ તથા કેથોલિક ચર્ચ આણંદ દ્વારા શ્રી મનોજ કે મેકવાનનું બહુમાન કરવામાં આવ્યું. આપણા સમાજના પનોતા પુત્ર તથા સી.ડી.એસ.ના ડાયરેક્ટર શ્રી મનોજ મેકવાને પોતાની સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા દેશ અને વિદેશમાં ખૂબ જ નામના મેળવી છે તેમની સેવાકીય પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઇ તાજેતરમાં જ તેમને ચરોતર રત્ન એવોર્ડ આપવામાં આવ્યો હતો, જે આપણા સમાજ માટે ખૂબ જ ગૌરવની વાત છે. ગુજરાતી કેથોલિક સમાજ તથા કેથોલિક ચર્ચ આણંદ દ્વારા તેમની આ સિદ્ધિને બિરદાવવામાં આવી હતી.

કેથોલિક ચર્ચ આણંદના સભાપુરોહિત રેવ. ફાધર જીતુ એસ.જે. દ્વારા તેમને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા તથા ગુજરાતી કેથોલિક સમાજ આણંદના પ્રમુખશ્રી દ્વારા તેમને સન્માન પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. ગુજરાતી કેથોલિક સમાજ આણંદના ઉપપ્રમુખ દ્વારા ફૂલછોડ અર્પણ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ગુજરાતી કેથોલિક સમાજ આણંદના મહામંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ધર્મજનો અને ગુજરાતી કેથોલિક સમાજ આણંદના સભ્યો હાજર રહ્યાં હતાં. - ooooooooooooo

## સિનિયર સિટિઝન ફોરમઃ વર્ષ ૨૦૦૯થી ૨૦૨૬નો અહેવાલ

ધર્મવિભાગના વડીલો નિવૃત્તિમાં પ્રવૃત્તિમય રહે, ભેગા મળી આનંદ કરે, તથા ધર્મસભાના કાર્યોમાં સહાયરૂપ બને તેવા ઉમદા આશય સહ વર્ષ ૨૦૦૯ની ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ તત્કાલિન સભાપુરોહિત પૂજ્ય ફાધર આલ્બર્ટ દલગાડોના પ્રયત્નોથી ફોરમની રચના થઈ.

આરંભનાં ત્રણ વર્ષોમાં કારોબારી સભ્યોને પેરિશના આર્થિક, નબળા, તેજસ્વી બાળકો માટે શિષ્યવૃત્તિ ઊભી કરવાનો વિચાર સ્ફૂર્યો. સૌ સભ્યોએ વધાવી લીધો અને રૂા. એક લાખ રકમ ઊભી કરી. સભાપુરોહિતને તેનાથી અવગત કરાયા. ફાધર આલ્બર્ટે પેરિશ કક્ષાએ શિષ્યવૃત્તિ ઊભી કરવાનો પ્રસ્તાવ મૂક્યો. સહુએ વધાવી લઈ રૂા. એક લાખ ફાધરને આપ્યા અને આવી રીતે ફાધર પરીઝા, ફાધર આલ્બર્ટ શિષ્યવૃત્તિનો શુભારંભ થયો. ત્યારબાદ પ્રતિ વર્ષે ફોરમ શિષ્યવૃત્તિ ભંડોળ માટે આપતું રહ્યું તથા રૂા. ૪ લાખ ૫૦ હજાર જેટલી રકમ શિષ્યવૃત્તિ માટે આપી.

આ સમયગાળા દરમિયાન ફોરમ વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું.

- મે માસમાં સભ્ય નોંધણી.
- જૂનમાં સન્માન સમારંભ તથા વાર્તાલાપ.
- જુલાઈમાં સંત ઈગ્નાસ પર્વની ઉજવણી
- એક દિવસની રીટ્રીટ, વડીલદિનની ઉજવણી.
- સ્થાપનાદિનની ઉજવણી.

વકતૃત્વ સ્પર્ધા, ભક્તિગીત, વિવિધ વિષયો ઉપર વાર્તાલાપ પેરિશના બિમાર લોકોની મુલાકાત, પ્રાર્થના, મૃત્યુ પ્રસંગે કૌટુંબિક મુલાકાત, ચર્ચની તમામ આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં મળેલ જવાબદારી સુપેરે નિભાવી. સંત ઈગ્નાસ, માતા મરિયમ જન્મજયંતી તથા સંત ફ્રાન્સિસ પર્વ નિમિત્તે નવસંધ્યા ભક્તિની જવાબદારી ઉપાડી.

વર્ષમાં બે પ્રવાસ યોજાયા. એક-બે દિવસનો તથા મોટા પ્રવાસ યોજાયા. તપઋતુ દરમિયાન ધાર્મિક યાત્રા તથા વેલાંગિન્ની પ્રવાસ, ગોવા પ્રવાસ, કેરાલા દર્શન, મૈસુર, બેંગ્લોર પ્રવાસ, દાર્જીલિંગ પ્રવાસ, વસઈ પ્રવાસ, આ પ્રવાસમાં પારદર્શકતા જાળવી, વધેલ પૈસા સભ્યોને પરત કર્યા.

વર્ષ ૨૦૧૨માં ફોરમ પાસે કોઈ આવક ન હતી પરંતુ દાતાઓ, મહેમાનો તથા સભ્યો થકી દાન મળતું રહ્યું. આ દાનમાંથી જ શિષ્યવૃત્તિ ભંડોળ, ગીષ્મ શિબિરના બાળકોને નાસ્તો, સન્ડે સ્કૂલના બાળકોને નાસ્તો તથા સભાપુરોહિત સૂચન પ્રમાણે વિવિધ દાન આપ્યું.

ટીપેટીપે સરોવર ભરાય બાર વર્ષમાં ફોરમ પગભર થયું. ફોરમના કારોબારી સભ્યોની અથાક મહેનત થકી આ બધું થઈ શક્યું.

અત્યારે ફોરમ પાસે રૂા. ત્રણ લાખ ૨૪ હજારની એફ.ડી. તથા

રૂા. ૭૫,૦૦૦ હજારની એક એફ.ડી.,

તથા બચત ખાતામાં રૂા. ૨૦,૦૦૦ છે.

આણંદ કેથોલિક કો.ઓ. સોસાયટીમાં ફોરમનું ખાતુ છે. ઉપરાંત બેંક ઓફ બરોડા, ગામડી ખાતે રૂા. ૨૦ હજાર જમા છે. આ સુંદર દાન માટે દાતાઓ, સભ્યો તથા કારોબારી સભ્યોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આપણું ફોરમ, આણંદ જિલ્લા સિનિયર સિટિઝન ફેડરેશન સાથે જોડાયેલું છે તથા તેની પ્રવૃત્તિઓમાં ફોરમ ભાગ લે છે.

આ વર્ષોમાં ફોરમના સભ્યોનો ખુબ સહકાર મળ્યો. કારોબારી સભ્યોના પ્રયત્નોથી વર્ષ ૨૦૧૫માં પેરિશના ૪૦૦ શિક્ષકોનું સન્માન કર્યું. ૨૦૧૬માં 'સમાજના લગ્નોની આજ, ગઈકાલ અને આવતીકાલ ઉપર એક દિવસીય સેમિનાર યોજવામાં આવ્યો તેમાં પ્રતિષ્ઠિત વક્તાઓએ ભાગ લીધો. તત્કાલિન ધર્માધ્યક્ષ થોમસ મેકવાને ઉપસ્થિત રહી ફોરમને બિરદાવ્યું.'

આ વર્ષોમાં પેરિશના સભાપુરોહિતોએ ફોરમને ખૂબ સહકાર આપ્યો. તેમની પ્રેરણા અને માર્ગદર્શન થકી સઘળા કાર્યક્રમ કરી શક્યા. તત્કાલિન સભાપુરોહિત ફાધર આલ્બર્ટ દલગાડો, સ્વ. ફાધર મેક્સિમ, ફાધર મિકી તથા ફાધર જીતુનો તથા પેરિશના અન્ય ધર્મગુરુઓનો સહકાર સાંપડ્યો. કારોબારી સભ્યોની જહેમતથી બધા કાર્યક્રમ દીપી ઊઠ્યા. ફોરમના સર્વ સભ્યોનો આભાર. આ સર્વ કાર્યક્રમોનો દોરીસંચાર કરનાર પરમપિતાનો આભાર માનીએ છીએ તથા નવગઠિત ટીમને અમારી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

**- પીયૂષ એમ. પરમાર**

## વહાલા ધર્મજનો

**ડિસેમ્બર ૨૦૦૬થી શરૂ થયેલ ઝેવિયરવાણી યાત્રા ડિસેમ્બર ૨૦૨૬માં ૨૦ વર્ષ પૂર્ણ કરે છે. પરમપિતાનો આભાર!**

**આગામી ડિસેમ્બરનો અંક નાતાલ વિશેષાંક તરીકે પ્રકાશિત કરવાનો હોઈ, આપની નાતાલ શુભેચ્છાઓ, જન્મદિન, શ્રદ્ધાંજલિ, વિશિષ્ટ સિદ્ધિ, વ્યવસાયિક જાહેરાત ૧૫ નવે. સુધીમાં આપી ઝેવિયરવાણીના યોગદાનમાં સહભાગી બનશો.**

**ઝેવિયરવાણી પરિવાર**

**ઘેર ઘેર ગુલાબમાળા ... પાન નં. ૧ ઉપરનું ચાલુ...**

સમય આપીએ. કદાચ આ નાની શરૂઆત જ આવતી પેઢીના હૃદયમાં મોટા સંસ્કારોનું બીજ વાવી શકે.

**ગુલાબમાળા એકતાનું પ્રતીકઃ** ગુલાબમાળામાં દરેક ફૂલ અલગ હોય છે, પરંતુ એક જ દોરામાં જોડાઈને સુંદર માળા બને છે. આપણો પરિવાર અને સમાજજીવન પણ એવું જ છે. આપણાં વિચારો અને સ્વભાવ અલગ હોઈ શકે, પરંતુ પ્રેમનો દોરો આપણને એક કરી શકે છે. "ઘેર ઘેર ગુલાબમાળા" એટલે દરેક ઘરમાં એકતા, દરેક હૃદયમાં પ્રેમ, દરેક વાણીમાં મધુરતા અને દરેક કર્મમાં સેવા.

એક ઘરમાં પ્રાર્થના શરૂ થાય, બીજું ઘર સેવા કરે, ત્રીજું ઘર કોઈ જરૂરિયાતમંદને મદદ કરે અને ધીમે ધીમે આખો સમાજ ભક્તિ અને માનવતાની સુગંધથી મહેકી ઊઠે.

**આજના સમયમાં ભક્તિનો એક નવો સંકલ્પઃ** આપણી આસપાસ ટેક્નોલોજીનું વિશ્વ ઝડપથી વધી રહ્યું છે. મોબાઈલ અને સોશિયલ મીડિયા આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. પરંતુ ક્યારેક આપણે દુનિયા સાથે જોડાતાં પોતાના પરિવાર અને પોતાના અંતરાત્માથી દૂર થઈ જઈએ છીએ.

આથી દરરોજ થોડો સમય "ડિજિટલ વિરામ" લઈએ. મોબાઈલને બાજુ પર મૂકીએ, પરિવાર પાસે બેસીએ, ભજન સાંભળીએ, પ્રાર્થના કરીએ, પુસ્તક વાંચીએ અથવા માત્ર શાંતિથી પોતાના મનને સાંભળીએ. કારણ કે ક્યારેક ઈશ્વરનો અવાજ સાંભળવા માટે દુનિયાનો અવાજ થોડો ઓછો કરવો પડે છે.

**ચાલો, હૃદયમાં ગુલાબ ખીલવીએઃ** આ ઓક્ટોબરમાં આપણે માત્ર ભગવાનને ગુલાબમાળા અર્પણ ન કરીએ; આપણા જીવનને જ એક ગુલાબમાળા બનાવીએ. એક ફૂલ પ્રેમનું, એક ફૂલ શ્રદ્ધાનું, એક ફૂલ સત્યનું, એક ફૂલ સેવાનું, એક ફૂલ ક્ષમાનું, એક ફૂલ કૃતજ્ઞતાનું, અને આ બધાને જોડતો દોરો હોય ભક્તિનો.

ચાલો, કોઈના ચહેરા પર સ્મિત લાવીએ. કોઈ દુઃખી હૃદયને સાંત્વના આપીએ. કોઈ જરૂરિયાતમંદનો હાથ પકડીએ. ઘરમાં વડીલોના આશીર્વાદ લઈએ. બાળકોને સંસ્કારોની ભેટ આપીએ અને દરેક દિવસની શરૂઆત ઈશ્વરના સ્મરણથી કરીએ. કારણ કે સાચી ગુલાબમાળા મંદિરમાં જ નહીં, આપણા વર્તનમાં પણ દેખાવી જોઈએ.

આ ઓક્ટોબર એવો બને કે દરેક ઘરમાં ભક્તિનો દીપ પ્રગટે, દરેક હૃદયમાં પ્રેમનું ફૂલ ખીલે અને દરેક જીવનમાંથી સદ્‌ભાવનાની સુગંધ પ્રસરે. ચાલો, "ઘેર ઘેર ગુલાબમાળા"ને એક કાર્યક્રમ નહીં, પરંતુ હૃદયથી જીવવાનો સંકલ્પ બનાવીએ. ઘેર ઘેર ભક્તિ, હૃદયે હૃદયે પ્રેમ, વાણીમાં મધુરતા, કર્મમાં સેવા અને જીવનમાં ઈશ્વરનું સ્મરણ, આ જ આપણી સુંદર શરૂઆત બને.

"જ્યાં ભક્તિ ખીલે છે, ત્યાં શાંતિ મહેંકે છે;
જ્યાં પ્રેમ ખીલે છે, ત્યાં સંબંધો મહેંકે છે;
અને જ્યાં સેવા ખીલે છે, ત્યાં માનવતા મહેંકે છે."

આવો, આ ઓક્ટોબરમાં દરેક ઘરને ગુલાબમાળાની સુગંધથી નહીં, પરંતુ ભક્તિ, પ્રેમ અને સંસ્કારની સુગંધથી મહેકાવીએ. ઘેર ઘેર ગુલાબમાળા, હૃદયે હૃદયે ભક્તિની જ્યોત.●















માતા મરિયમની ... નવસંધ્યા ૨૦૨૬ ... પાન નં. ૨ ઉપરનું ચાલુ...

સાતમા દિવસે ‘ગુલાબમાળાની રાણી’ વિષય પર સિ. થેરુ જોન, LDFX દ્વારા મનનીય સંદેશ આપવામાં આવ્યો. પવિત્ર યજ્ઞ પૂજ્ય ફા. ડોમિનિક સાવિયો દ્વારા અર્પણ કરવામાં આવ્યો. આ દિવસનું આયોજન ઝેવિયરવાણી અને એકતા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

આઠમા દિવસે ‘શાંતિની રાણી’ વિષય પર સિ. મીના જોન, LDFX દ્વારા પ્રેરણાદાયી ચિંતન રજૂ કરવામાં આવ્યું. પવિત્ર યજ્ઞના મુખ્ય યાજક પૂજ્ય ફા. અવિનાશ  હતા. કાર્યક્રમનું આયોજન એસ.એફ.પી.વાય. દ્વારા કરવામાં આવ્યું હતું.

નવમા દિવસે ‘નિત્ય સહાયક માતા’ વિષય પર સિ. મીના ડેવિડ, LDFX દ્વારા આધ્યાત્મિક ચિંતન રજૂ કરવામાં આવ્યું. પવિત્ર યજ્ઞના મુખ્ય યાજક પૂજ્ય ફા. રોકી પિન્ટો હતા. આ દિવસનું આયોજન પુષ્પ વિહાર તથા ક્વાયર ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું હતું.

FC મંડળ અને ગુજરાતમાં તેની સેવા-ઉપસ્થિતિ પર Sr. Rupal FC અને Sr. Sumitra FC દ્વારા પ્રેરણાદાયી ચિંતન રજૂ કરવામાં આવ્યું. નવસંધ્યાનું સમાપન તા. ૮ સપ્ટેમ્બરના રોજ માતા મરિયમની જન્મજયંતીના પાવન પર્વ સાથે થયું. સિ. ખલક, LDFX દ્વારા દિવસની પ્રેરક રજૂઆત કરવામાં આવી. પવિત્ર યજ્ઞના મુખ્ય યાજક પૂજ્ય ફા. ફ્રાન્સિસ પરમાર હતા. આ ઉત્સવનું આયોજન લીજિઅન ઓફ મેરી દ્વારા કરવામાં આવ્યું હતું.

નવસંધ્યાના આ દિવસોમાં શ્રદ્ધાળુઓને માતા મરિયમના જીવન અને ગુણો પર મનન કરવાની સુંદર તક પૂરી પાડી. વિવિધ મંડળોના સહયોગ, બહેનો દ્વારા રજૂ કરાયેલા પ્રેરણાદાયી સંદેશો અને યાજકોના આધ્યાત્મિક માર્ગદર્શનથી સમગ્ર નવસંધ્યા શ્રદ્ધા, ભક્તિ અને આત્મિક નવચેતનાનો અવસર બની રહી.

# પ્રતીક્ષાંજલિ



પ્રભુ ચરણમાં પોઢી ગયાને
ત્રણ વર્ષ વહી ગયાં પરંતુ
હૃદયમાં આપની સ્મૃતિઓ એવી ને
એવી જ આજે પણ તરોતાજા છે.
પરિવાર પ્રત્યેનો આપનો પ્રેમ,
પરિવારના દરેક સભ્યની ચિંતા અને
સંભાળ અમે ક્યારેય ભૂલી નહીં શકીએ.

*આપની યાદોનો ખજાનો હૃદય અમારું*
*ક્ષણ પ્રતિ ક્ષણ પ્રતીક્ષા કરે હૃદય અમારું.*

અમારા જીવનનો એકમાત્ર આધાર...

## 'પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.'

પ્રભુજી વચન અમારું...

પુનઃ મિલનની પ્રતીક્ષામાં

**પરમાર પુષ્પાબેન જયંતીભાઇ**
**તથા પરિવાર**

**Publisher:** Fr. D'monte Jitendra S.J., Parish Priest, Catholic Church, Gamdi-Anand • **Advisor:** Fr. Amalraj S.J.
**Editor:** Mr. Jayesh Macwan • **Printer:** Fr. JayaPrakash S.J., Anand Press, Gamdi-Anand • **Typeset by:** Melcom Parmar